# :: વાહનની જાહેર હરાજીથી વેચાણની બોલીઓ અને શરતો ::

૧. વાહન અત્યારે જે હાલતમાં, જે સ્થળે અને જે પરિસ્થિતીમાં છે તે રીતે ટેક્ષ તથા વિમાની કોઈપણ જવાબદારી સિવાય વેચાણ કરવાનુ છે.

૨. વાહન ખરીદનારે રૂા.૨,૦૦૦/–(બે હજાર)ની ડીપોઝીટ જમા કરાવ્યા બાદ જ "બોલી" બોલી શકશે. ડીપોઝીટ ની રકમ તા. ૧૫/૦૭/૨૦૧૫ના રોજ બપોરે ૦૨.૦૦ વાગ્યા સુધીમાં અત્રેની કચેરીના હિસાબી અધિકારી (કેશ) શાખામાં ભરવાની રહશે.

૩. જે ઈસમની બોલી ન મંજુર થાય તેમની ડીપોઝીટની રકમ ઓફિસની જરૂરી કાર્યવાહી પુરી થયા બાદ પરત કરવામાં આવશે.

૪. વાહન નંબર ટાટા ઈન્ડીગો જીજે–૨૧–૩૯૬૨ કે જે બંધ હાલતમાં છે તેને દર્શાવેલ સ્થળે કચેરીએ જાહેર રજાના દિવસ સિવાય ૧૦.૩૦ થી ૧૮.૦૦ કલાક સુધી જોવા મળશે. જે જોઈ તપાસીને હરાજીમાં ભાગ લેનાર ઈસમોએ બોલી બોલવાની રહશે. પાછળથી કોઈ પણ જાતની રજુઆત સાંભળવામાં આવશે નહિ.

૫. હરાજીમાં જે ઈસમની વધુ રકમની બોલી હશે. તેમની બોલી મંજુર કરવામાં આવશે. આમ છતાં હરાજી મંજુર રાખવી કે કેમ તે અંગેના આખરી નિર્ણય કમીટીનો રહશે. તથા તે હરાજીમાં ભાગ લેનાર ઈસમોને માન્ય અને બંધનકર્તા રહશે.

૬. જે ઈસમની "બોલી" મંજુર થઈ હશે તેમણે તે જ દિવસે બોલીની પુરેપુરી રકમ રોકડમાં કચેરી ખાતે ભરવાની રહશે અને વાહન પોતાના ખર્ચે અને જોખમે દિન–૧૦ની અંદર આર.ટી.ઓ. પેપર્સની સંપૂર્ણ કાર્યવાહી પુરી કરી લઈ જવાનું રહશે.

૭. વાહન વેચાણ થયા બાદ તેના આર. ટી. ઓ.પેપર્સ તેમજ વાહન ટ્રાન્સફર કરવાની સઘળી જવાબદારી જે તે ગ્રાહકની રહશે. અત્રેથી જરૂરી દસ્તાવેજો પેપરોમાં સહી કરી આપવામાં આવશે.

૮. આર. ટી. ઓ.પેપર્સની કાર્યવાહી સંપૂર્ણ પુરી થયા બાદ જ ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

૯. વાહનનો કબજો મેળવ્યાથી તમામ જવાબદારી ખરીદ કરનારની રહશે.

૧૦. શરતો બાબતે કોઈપણ વિવાદ ઉભો થાય ત્યારે યુનિવર્સિટીનો/કમીટીનો નિર્ણય આખરી ગણાશે જે ખરીદનારને બંધનકર્તા રહેશે.

૧૧ જે તે વાહનનું રજીસ્ટ્રેશન રીન્યુ કરાવવાની જવાબદારી મંજુર થયેલ ઈજારદાર કે પાર્ટીની રહેશે.

૧૨. સદર વાહનની આર.ટી.ઓ.ટેક્ષ તથા અન્ય ભરણાની જવાબદારી વાહન લેનારની રહેશે.

૧૩. હરાજીમાં ભાગ લેનાર ઈસમો કે વેપારી હરાજીના વિવાદ અંગે કોર્ટ કચેરીનો આશરો લઈ શકશે નહી. ક્રમ નંબર ૦૪ અનુસાર બંધનકર્તા રહશે.

<u>**હરાજીનું સ્થળ:**</u>
નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

નિયામક
વિદ્યાર્થી કલ્યાણ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

પાર્ટીનું નામ :

ખરીદનારની સહી :
(કોન્ટેકટ નંબર: )

સરનામું :

જા. ન. નકૃયુ/નિવિક/ટી–૨/ ૨૦૧૫
નવસારી, તા. /૦૬/૨૦૧૫